# : હુસૈન (અ.સ.) અને સુરએ ફાતેહા :

મૌલાના અલી (અ.સ.) થી રિવાયત છે કે, "એક દિન હુસૈન (અ.સ.) બીમાર થયા. આપને સખ્ત તાવની તકલીફ હતી. મૌલાતના ફાતેમતુઝઝહરા (અ.સ.) હુસૈન (અ.સ.) ને ઉંચકીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પાસે લઈ આવા અને આપને ફરિયાદો શિકાયત કીધી. આપે અર્ઝ કીધી કે, "અય બાવાજી સાહબ, અય નબીયલ્લાહ ! આપના પ્યારા ફરઝન્દ વાસ્તે આપ દોઆ ફરમાવો કે, ખુદાતઆલા આ મરઝમાંથી શિફા બખ્શે." અને હુસૈનને આપને સામે મૂકી દીધા. નબીયુલ્લાહ (સ.અ.વ.વ.) ઉઠા અને હુસૈનનાં માથાને કરીબ બેસી ગયા અને ફરમાવું કે, **અય ફાતેમા, અય મારી પ્યારી દીકરી ! તમે જાણો કે જે અલ્લાહતઆલાએ તમને આ દીકરા બખ્શેલા છે તે જ અલ્લાહ શિફા આપવાની પણ કુદરત રાખે છે.** આ હંગામમાં જ જિબ્રઈલ (અ.સ.) નાઝિલ થયા અને ફરમાવું કે, "અય મોહંમદ ! ખુદાએ આપને પર જે જે સુરતો ઉતારી એમાં "ફા" યાઅની કે (ફે) નો હર્ફ છે. "ફે" આફતનો છે, પણ સુરએ ફાતેહા - અલહમ્દની સુરતમાં "ફે" નથી. આપ પાનીની એક કદેહ મંગાવો અને **ચાલીસ વાર "સુરએ ફાતેહા"** પઢીને ફૂંક મારો અને એ પાનીને હુસૈનનાં જિસ્મ પર છાંટી દો. અલ્લાહતઆલા એને ઝરૂર શિફા બખ્શશે". રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આ મુજબ અમલ કીધો, તો જેમ કોઈ કૈદી બંધનની બલાથી આઝાદ થયો હોય તેમ હુસૈન (અ.સ.) તાવની બલાથી સેહત યાબ થયા. આ મુજબ સુરએ ફાતેહા નાઝિલ કરવામાં આવી જેમાં ઈમાનદારો વાસ્તે બીમારીઓથી શિફાનાં તમામ નુસ્ખાઓ મૌજૂદ છે. ★